
વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ ઓક્ટોબર, ૨૦૨૨ Vol. 16 No.10

# આપણા મુળીયા બહુ ઉંડા છે



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# બીનસાંપ્રદાયીક શીક્ષણક્ષેત્રે ગીતા–૬

**–સુર્યકાન્ત શાહ**

૧૫-૯-૧૨ થી 'સત્યાન્વેષણ' માં જે 'ગીતા મીમાંસા' થઈ હતી તે ઈસ્કોનના પ્રભુપાદે ગીતાના કરેલા અનુવાદ પર આધારીત હતી. એ મીમાંસાને કેન્દ્રમાં રાખીને અત્રે એ તપાસવાનો હેતુ છે કે આપણા બીનસાંપ્રદાયીક શીક્ષણમાં 'ગીતા' નું અધ્યાપન-અધ્યયન કેટલું પ્રસ્તુત બનશે. પ્રભુપાદ બુદ્ધને પણ બુદ્ધાવતારથી ઓળખાવે છે. વાસ્તવમાં બુદ્ધ તો હીંદુ ધર્મનો વીરોધ કરતા હતા. ઈતીહાસનો શીક્ષક ગૌતમ બુદ્ધને હીંદુઓના ક્રીયાકાંડના વીરોધી બતાવશે અને ત્યાર પછીના તાસમાં ગીતા શીક્ષણમાં શીક્ષક બુદ્ધને બુદ્ધાવતાર બતાવશે ! બીચારો વીદ્યાર્થી !

અગીયારમા શ્લોકમાં કૃષ્ણ જણાવે છે, 'જેઓ જેવી રીતે મને શરણાગત થાય છે, તે જ પ્રમાણે હું તેમને ફળ આપું છું.' ભણીને દુનીયાને સમજવા મથતા વીદ્યાર્થીઓ આ બાબતને લંબાવીને એવું તારણ કાઢે છે કે પરીક્ષામાં એમના ક્ષીક્ષકો-આચાર્યોને એ જેટલા વધારે 'ખુશ' કરશે તેટલી વધારે સંખ્યામાં અને મીઠાશમાં ફળ મળશે, તો શું એ તારણને આપણે અતાર્કીક કહીશું ?

શ્લોક સાતની સમજુતીમાં પ્રભુપાદ ગૌતમ બુદ્ધને હીંદુ ધર્મના એક અવતાર તરીકે ગણાવે છે. બીજી બાજુ બૌદ્ધધર્મ અંગે શીક્ષક વીદ્યાર્થીઓને એવું જણાવશે કે હીંદુ ધર્મના અનાચાર (પ્રભુપાદની ભાષામાં) મટાડવા બુદ્ધે બૌદ્ધધર્મની સ્થાપના કરી હતી. વીદ્યાર્થીઓ શેને સાચું માનશે ? પ્રભુપાદે અગીયાર અને બાર શ્લોકના કરેલા અર્થઘટનને સાથે જોઈએ તો એવું જાણવા મળે છે કે કૃષ્ણ પોતે જ સકામ કર્મના ફળ જલદી પ્રાપ્ત થાય છે તેવું જણાવતા દેખાય છે ! તો ગીતાના ખુબ જાણીતા થયેલા 'મા ફલેષુ કદાચન્'-વાળા શ્લોકનું શું ? શીક્ષકો વીદ્યાર્થીઓને આ પરસ્પર વીરોધી નીવેદનોને કેવી રીતે સમજાવી શકશે ? શ્લોક ૧૩ વાંચતા સ્પષ્ટ થાય રે કે કૃષ્ણએ વર્ણવ્યવસ્થા ઉભી કરી છે. ગીતાના નામે શીક્ષકોએ શું વર્ણવ્યવસ્થાનો બચાવ કરવો પડશે ? શીક્ષકો માટે વધારે મુશ્કેલી શ્લોક : ૩૧ સમજાવવામાં ઉભી થશે. આ શ્લોકમાં જણાવાયું છે કે 'યજ્ઞ' કરવાથી અન્ન, દુધ વગેરે ખોરાક આપણે પુરતા પ્રમાણમાં પ્રાપ્ત કરી શકીએ છીએ.' શું શીક્ષકો પુરતા પ્રમાણમાં અન્ન, વગેરે લેવા માટે યજ્ઞો કરવાની વીદ્યાર્થીઓને સલાહ આપશે કે ખેડ, ખાતર અને પાણીથી પાક મળતા હોય છે તે સમજાવશે ? સંશય વીના જ્ઞાનની પ્રાપ્ત થતી નથી. શ્લોક ૪૦ માં જણાવે છે કે સંશયગ્રસ્ત માટે કશે સુખ નથી. શીક્ષકો શું આ જણાવશે ?

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
ડો. સુષ્મા ઐય્યર
મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ ઓક્ટોબર, ૨૦૨૨ | સળંગ અંક : ૩૭૧ | Vol. 16 No. 10

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## આપણાં મુળીયાં બહુ ઉંડા છે !

**–સુર્યકાન્ત શાહ**

તબીબી ક્ષેત્રે ૨૦૨૨નું નોબલ ડો. સ્વાંતે પોબેને મળ્યું. સ્વીડનના આ વૈજ્ઞાનીકે ફરી એકવાર પુરવાર કર્યું છે કે ભુતકાળમાં જાઓ ત્યારે એવા ખુલ્લા મગજથી જાઓ કે અત્યારે વીજ્ઞાને જે સીમાઓ બાંધી છે તે છેવટની નથી. ધર્મવાળાઓ તો બધાં જ તત્ત્વોમાં સીમા બાંધી દે છે. એ કહેવાતી કૃત્રીમ સીમા કોઈ તોડે નહીં તેથી એને 'પવીત્રતા'નું લેબલ લગાડી દે છે. પવીત્રતા તોડે તે પાપી, અને નર્કમાં જવાને લાયક હોવાનું જાહેર કરી દે છે. વૈજ્ઞાનીક અભીગમ હમેશાં મનને ખુલ્લુ રાખવાની પુર્વશરત રાખે છે. વીજ્ઞાને માનવજાતના પ્રવર્તમાન અવતરણ માટે ત્રણ લાખ વર્ષ પુર્વેની સીમા બાંધી હતી. ઘણાં સંશોધનો બાદ વૈજ્ઞાનીકોને એવું સમજાયું હતું કે ત્રણ લાખ વર્ષે પુર્વે જે હોમો સેપીયંસ પ્રજાતી ઉત્ક્રાંતીના ક્રમમાં તૈયાર થઈ તેના જ જનીન અને ડીએનએના વારસા લઈને પ્રવર્તમાન માનવજાતી પૃથ્વી પર વીચરે છે.

એ પહેલા ઉત્ક્રાંતીના ક્રમમાં અર્ધવીકસીત નીયંડરથલ પ્રજાતી ભલે વીચરતી હતી, પરંતુ એના જનીન અને ડીએનએ સાથે આપણને કોઈ સંબંધ નથી. આ નીયંડરથલ પ્રજાતી ચાર લાખ વર્ષ પુર્વે એની અર્ધવીકસીત દશામાં વીચરતી હતી. એના શરીરમાં સમાવીષ્ટ જનીન

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

અને ડીએનએથી નકકી થયું હતું કે તે પુરાણો માણસ હતો. અત્યાર સુધી વૈજ્ઞાનીકો માનતા હતા કે આ નીચંદરથલ માણસ સાથે આપણા પુર્વજ હોમો સોપીયનને કોઈ સંબંધ નથી. આ માનવાનું કારણ એ હતું કે નીચંડરથલના કોઈ વીશ્વસનીય જનીન અને ડીએનએ મળતા નહોતા. એમની વચ્ચે સંબંધ હોવાનો સંશય ત્યારે થયો કે જયારે જુદી જુદી માનવ પ્રજાતીના અસ્તીત્વના કાળને તપાસવામાં આવ્યો. ઈતીહાસ તપાસતા એવું માલુમ પડયું કે આપણા પુર્વજ હોમો સેપીયન ઉત્ક્રાંતીના ક્રમમાં આજથી ૭૦,૦૦૦ વર્ષે પુર્વે વીચરવા માંડેલા અને નીલંડરથલ પ્રજાની આજથી ૩૦,૦૦૦ વર્ષે પુર્વે લુપ્ત થઈ. એનો અર્થ એ કે આ બન્ને જાતીઓ ૪૦,૦૦૦ વર્ષ સાથે રહી !

પેબો જેવા વૈજ્ઞાનીકોને એ સંશય સતાવતો હતો કે સામાજીક પ્રાણી એવો માણસ, 'શું ચાલીસ-ચાલીસ હજાર વર્ષ સુધી એકબીજાને મળ્યા નહીં હોય ?' આમ, ઈતીહાસના આધારે સંશયકર્તા પેબોએ ચેન્ કેન્ પ્રકારેન્ નીયંડરલના જમીન અને ડીએનએ સીધી યા આડકતરી પદ્ધતીએ મેળવવાની તપશ્ચર્યા શરુ કરી. આ તપશ્ચર્યા લગભગ વીસ વર્ષ સુધી ચાલી. આખરે એમને ભુતળમાં હજી અકબંધ રહેલા નીચંડરથલનાં હાડકાં મળ્યાં. વીચારો કે આ હાડકાં મેળવવા માટે પોબે અને એમના સાથીઓએ કેટલો રઝળપાટ કર્યો હશે, કેટલા માનવ આવશેષો તપાસ્યા હશે, કેટલા રાત-દીવસ એક કર્યા હશે ! વૈજ્ઞાનીકોની આટલી બધી સખત મહેનત બાદ તેઓ જયારે કોઈ સંશોધન કરે ત્યારે કેટલાક મીથ્યાભીમાનીઓ જરાયે શરમ વીના જાહેર કરતા હોય છે કે એ શોધ તો એમને મન કોઈ પવીત્ર ગ્રંથમાં લખાયેલી જ છે ! આ મીથ્યાભીમાનીઓ માણસ માનવ-પ્રયત્નો અને માનવબુદ્ધીનું ભયંકર અપમાન કરે છે.

પેબો અહીં અટકી શકે એમ નહોતું. એણે નીચંડરથલના જનીન અને ડીએનએને હોમો સેપીયનના જનીન અને ડીએનએની સાથે સરખાવવાના હતા. અને લો ! આ બન્નેમાં જનીન અને ડીએનએના કેટલાક અંશોમાં સામ્યતા મળી આવી ! આમ, પેબોએ અથાક મહેનત અને કુશાગ્ર બુદ્ધીના ઉપયોગ થકી પુરવાર કર્યું છે કે અત્યાર સુધી ધારતા હતા તેના કરતાં વધારે આપણાં મુળીયાં ઉંડા છે !

આ પુરાવાને પરીણામે આપણે હવે નવેસરથી આપણા જનીન અને ડીએનએની રચનાનો અભ્યાસ કરવાનો થશે. એ બન્ને થકી નીર્માણ થતું આપણાં આયુષ્ય, આરોગ્ય,

**(વધુ પાના નં. -૪ ઉપર)**

# અજવાળાથી અંધારા તરફ

**–તંત્રી લેખ**

આજના ડીજીટલ ટેકનોલોજીના યુગમાં વીવીધ મીડીયા દ્વારા આપણા જીવન વ્યવહારો અને સામાજીક પ્રવાહોમાં ઝડપી પરીવર્તનો આવ્યા છે. આપણે 3G, 4G, 5G ની દીશાઓમાં આગળ વધી રહ્યા છે.

આટલા ઝડપી અને પરીવર્તનશીલ યુગમાં પણ આપણાં મનોવલણોમાં તેની અસર કેમ દેખાતી નથી ? ગામડાઓનો ઠીક પણ સુરત જેવાં મહાનગરોમાં પણ અંધશ્રદ્ધાના કીસ્સાઓ જોવા મળે ત્યારે જેનામાં સંવેદના હોય તેને વેદના થાય.

આપણા તહેવારોની ઉજવણીમાં પવીત્રતાને બદલે પ્રદુષણતા ફેલાવવામાં આપણે પાછુ વાળીને જોતા નથી. સાઉન્ડ પોલ્યુશન ફેલાવતો લાંબામાં લાંબો તહેવાર એટલે નવરાત્રી ! કોર્ટે તો આદેશ કર્યો છે કે પુજામાં ભકતી કે આરાધના કરવામાં ડી જે કે મોટા અવાજના સ્પીકરોની જરુર નથી. તહેવારો કેમ ઉજવવા એ પણ આપણને કોર્ટ સમજાવે ? ૭૦ db અવાજથી વધુ અવાજ નુકસાનકારક છે, છતાં ગરબામાં ૧૦૦ થી વધુ db સાઉન્ડ હોય છે. વીશ્વના Top 10 અવાજ પોલ્યુશન કરતા શહેરોમાં બીજા ક્રમે દીલ્હી અને ચોથા ક્રમે મુંબઈ છે. સાઉન્ડ પોલ્યુશનથી ઉંઘમાં ખલેલ, માનસીક તાણ, નીરાશાપણું, બહેરાશ, બ્લડ પ્રેશર જેવા અનેક રોગ થાય છે.

દીવાળીમાં ફટાકડાથી પણ સાઉન્ડ પોલ્યુશન તો થાય જ છે. ઉપરાંત હવા પ્રદુષણ તો અનેકગણુ વધી જાય છે ત્યારે પ્રશ્ન એ થાય કે ? 'દીવાળી પર્વ આપણને અંધારેથી અજવાળા તરફ કે અજવાળાથી અંધારા તરફ લઈ જાય છે.'

આપણા સૌની ફરજ એ છે કે દીવાળી પર ફટાકડા ફોડી પ્રદુષણ ફેલાવાની પ્રવૃત્તી શકય તેટલી ઓછી થાય તે માટે પ્રયત્નો કરીએ. આપણું જીવન ટકાવી રાખવા હવા, પાણી ખોરાકની જરુર પડે છે. ખોરાક, પાણી દીવસમાં ૩-૪ વાર મળે તો ય ચાલે. તેમાં ઉપવાસ પણ કરી શકાય, પણ હવા વગર થોડીક મીનીટો પણ ચાલે તેમ નથી કે તેના ઉપવાસ પણ થઈ શકતા નથી. એવું કરવા જઈએ તો ઉપરવાસ થઈ જતા વાર ન લાગે !

**(ચાલુ પાના નં.–૨નું)**

રોગો ઘડપણ વગેરેને નવેસરથી વીચારવાનું થશે. આ નવી વીચારણાને અંતે હજી વધારે નીરોગી જીવન, લાંબા આયુષ્ય વગેરેની દીશામાં પ્રયાણ કરી શકીશું.

એનાથી વીશેષ તો એ કે નીયંડરથલ કરતાં પણ પુરાણી ઉત્ક્રાંતીના ક્રમમાં અલ્પવીકસીત માનવ પ્રજાતી હતી કે કેમ તે શોધવાનું થશે. જો એવી કોઈ પ્રજાતી હોય તો એનાં જનીન અને ડીએનએ પ્રવર્તમાન માનવ શરીરમાં છે કે કેમ, એ તપાસવાનું થશે, અને એ તપાસવાનું પણ થશે કે એવાં જનીન અને ડીએનએ આપણી નૈસર્ગીક વૃત્તીઓને પેદા કરવામાં કારણભુત છે કે કેમ. આમ પેબોના સંશોધને ભુતકાળ માટે બંધાયેલી સીમાને તોડી નાંખી છે. બાંધેલી સીમાઓ તોડવાની હીંમત અને ખુલ્લાપણું વીજ્ઞાન પાસે જ છે. ધર્મ તો એનાથી તદ્દન ઉલટો છે. એ બંધીયાર છે. બંધીયારપણામાં જ ભકતો અને એમને છેતરનારા આનંદે છે. પેબોની આ શોધ આપણે સૌને બંધીયારપણાનો છેદ ઉડાડી નાંખવાની હાકલ કરે છે.

---

## સત્યશોધક સભાને દાન

**નાઝનીન સાહેરવાલા તરફથી સત્યશોધક સભાને રૂા. ૧,૦૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

સુર્યકાન્ત શાહ

તા. ૨૯-૯-૨૨ પ્રમુખ

---


## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

*દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' **www.satyashodhak sabha.com** પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને

# પ્રા. રમણ પાઠક : નીત્ય ગતીશીલ

–ડો. અશ્વીન દેસાઈ
મો.–૯૮૨૪૫ ૦૩૧૧૮



'જે છેલ્લા આવ્યા તે પહેલા આવ્યા અને જે પહેલા આવ્યા તે કદી ન આવ્યા.' 'ગંગોત્રી' સરદાર બાગના પોતાના નીવાસસ્થાનના રુમનું બારણું ઉઘાડતાં પાઠક સાહેબે મને આવકાર આપતાં ઉપરનાં વાકયો કહ્યા હતાં. એ ૧૯૬૭ ની વાત. એ વાકયો મને આજે, ૫૪-૫૫ વર્ષ પછી પણ બરાબર યાદ છે ! 'આવો, આવો,' એમ બે વાર કહ્યું, ત્યારે તો મને એમ જ લાગ્યું કે 'આ પાઠક સાહેબ કેવા તો સસ્મીત છે ! ઉર્મિથી છલકાતા જણાય છે.' 'જે છેલ્લા આવ્યા તે પહેલા આવ્યા.' એમ કહ્યું તેનો અર્થ એવો થતો હતો કે, 'બારડોલીની કોલેજમાં ગુજરાતી વીભાગના અધ્યાપક તરીકે નોકરી શોધવા આવેલા તેવા કેટલાક ઉમેદવાર, અહીં મને મળવા પહેલાં, - ઈન્ટરવ્યુ પહેલા, આવી ગયા અને તમે ગુજરાતીના અધ્યાપક તરીકે પસંદગી પામ્યા તે તમે છેલ્લા આવ્યા !' એ દીવસોમાં ઈન્ટરવ્યુ આપવા પહેલાં હું પાઠક સાહેબને મળવા નહોતો ગયો ! ઈન્ટરવ્યુ થઈ ગયા પછી, મારી વીવેકબુદ્ધી સુચવતી હતી કે હવે પસંદગી થઈ ગઈ છે તો આભારની -કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરવા માટે પણ પ્રા. પાઠક સાહેબને મળવા જવું જોઈએ, એમને મળવા જઈશ તો પ્રા. સરોજબેનને પણ મળવાની તક મળશે. મેં પહેલા પાઠક સાહેબને પ્રણામ કર્યા. તે કર્યા પછી ઘરમાં જઈ સરોજબેનની સમક્ષ જોઈ સહેજ નમીને-ઝુકીને પ્રણામ કર્યા. 'આજે હું આપનો ખૂબ જ રુણી છું.- આપે મને આપના નેતૃત્વ હેઠળ ચાલતા ગુજરાતી ભાષા સાહીત્યના વર્ગોમાં અધ્યાપનની તક આપી.' પછી પાઠક સાહેબે મારો મીતાક્ષરી પરીચય આપતા સરોજબેનને કહ્યું. 'આ રહ્યા અશ્વીન દેસાઈ, જેમની આજે ગુજરાતીના અધ્યાપક તરીકે આપણા વીભાગમાં પસંદગી થઈ છે ! સરોજ, અશ્વીનભાઈને કોઈક રીતે અભીનંદન આપો, અધ્યાપકરુપે આપણને એક પરીવાર-જન = સ્વજન સાંપડયા !' સરોજબેને 'મગજ' ખવડાવ્યો હતો એ મને બરાબર યાદ છે !

મેં બારડોલીમાં ૧૯૬૭ થી ૧૯૯૨ પુરાં પચીસ વર્ષ ગુજરાતી ભાષા સાહીત્યનું અધ્યાપન કર્યું.

પ્રા. પાઠક સાહેબ, 'Rationalist' હતા - કે નહી એનો, મારા પુરતો નીર્ણય પ્રચલીત થઈ ગયેલા નીર્ણયથી જુદો હતો. ‘પાઠક સાહેબ 'Rationalist' હતા એ લોકપ્રચલીત વાત હતી-મારું અવલોકન તો એવું રહ્યું છે કે એઓ ‘અજંપાશીલ-ભ્રમણશીલ-શોધક’ હતા. ‘શોધન’ - (શોધવું તે, સ્વચ્છ કરવું તે, એમનું કામ હતું. સાર્થ ગુજરાતી જોડણી કોશને અનુસરીએ તો - (પૃ. ૮૦૮) શોધ-શોધવું’ તે, ખોળ, તપાસ-શોધનું-ખોળવું તપાસ કરવી. પરીક્ષા કરવી, દોષ દુર કરવા, સ્વચ્છ કરવું તે,) એમને પ્રવર્તમાન વીશ્વવ્યવસ્થાથી સંતોષ નહોતો. એમાંય ખાસ કરીને શ્રદ્ધાના નામે જે ‘અંધત્વ’ પોષણ પામતું તે એમને અસહ્ય-અનીષ્ટ લાગતું હતું. (અંધ)શ્રદ્ધાં પ્રેરીત અનેક ક્રીયાઓ અને કર્મકાંડ પણ પ્રો. પાઠક સાહેબને અરુચીકર લાગતાં. પોતાને જે અરુચીકર લાગે તે સીધેસીધું કોઈને સંભળાવી દેતા નહોતા, કોઈનેય દુભવવું એ પણ એમને ગમતું નહોતું.

‘રમણ’નો એક અર્થ ફરવું, ફરતા રહેવું, ‘રમણ’-રમણે ચઢવું, રમતમાં ઘેલા થવું, ‘રમણ’ભાઈ-પાઠક સાહેબ, ગમે તેવા ‘રેશનાલીસ્ટ’ હોય કે હતા, પણ આપણે એ યાદ રાખવું જોઈએ કે એઓ લલીત-સર્જનાત્મક કથા સાહીત્યના સર્જક હતા. અહીં બીજી એક આડ વાત નોંધવા જેવી છે. ગુજરાતી ભાષા કવી અને વીવેચક બળવંતરાય ઠાકોરે કવીતામાં વીચારના પ્રાધાન્યની વાત વારંવાર કરી હતી. પરંતુ એ જ બ. ક. ઠા.ની કાવ્યતત્વની વીચારણાના મારા અભ્યાસ દરમ્યાન મારે એવું તારણ પર પહોંચવાનું થયું કે જયાં બ.ક.ઠા. ‘બુદ્ધીપ્રધાન’ - ‘વીચાર-પ્રધાન’ કવીતાની જોરશોરથી હીમાયત કરે છે ત્યાં જુદા જુદા સંદર્ભો તપાસતા ‘વીચાર’ કે ‘બુદ્ધી’ની એક અર્થછાયા-વીસ્તરતી. કાવ્યસર્જનમાં કલ્પનાની અનીવાર્યતા સ્વીકારવી પડે. ‘પોચટ-ઉર્મીમાંદ્યતા’નાં બ.ક.ઠા. વીરોધી હતા. કલ્પનાતત્વસભર કવીતાના એઓ વીરોધી નહોતા. આ મુદ્દે મારું પુસ્તક ‘બળવંતરાય ઠાકોરની કાવ્યવીચારણા’ (પ્રથમ આવૃત્તી-૧૯૮૭ : પૃ. ૫૮ થી ૧૯૦)નો ભાગ જીજ્ઞાસુએ જોઈ જવા જેવો છે. કવી કલ્પનાશીલ હોય, કલ્પનાપ્રધાન હોય તો કવીતાના ભાવકને એનો વીરોધ હોય એ સમજી શકાય તેવું છે ! યુરોપીય કવીતા-તત્વવીચારમાં પ્રશીષ્ટતાવાદ -(કલાસીસઝમ)ના હીમાયતીઓએ બુદ્ધીના તત્ત્વના પ્રાધાન્યની વાત ભારપુર્વક કરી તેના વીરોધે જ કલ્પનાશીલ કવીતા (રોમાન્ટીસીઝમ-ના જુથે)ની હીમાયત કરી. ઉર્મીના અતીરેકના કારણે બ.ક.ઠા.એ બુદ્ધી કે વીચારના પ્રાધાન્યની વાત રજુ કરી. કવીતા એ આત્માની કલા છે. - હોવી જોઈએ. એનો વીરોધ પ્રો. રમણ પાઠક સાહેબે કર્યો

હોવાનું જાણવા મળતું નથી ! બળવંતરાય ગુજરાતીઓમાં ગ્રીક હતા - પ્રો. પાઠક સાહેબ વીચારક તરીકે Reason-બુદ્ધીના-વીચારના પ્રાધાન્યને સ્વીકારતા જણાશે, પણ વાસ્તવમાં કલ્પના-સર્જકતા -Imagination અને Creativity ના વીરોધી નથી !

પ્રા. રમણ પાઠકની વીચારણાનો એક છેડો તો અજ્ઞેયવાદની સરહદોને સ્પર્શતો જણાશે.વીશ્વમાં અને વીશ્વની રચનામાં ઘણું બધું એવું છે કે જેનો મર્મ-જેનો પાર માનવીની બુદ્ધીશકતીથી પણ પામી શકયો નથી. એ સ્વીકારવું રહયું.

બુદ્ધીપ્રાધાન્યવાદની સામે કલ્પનાપ્રાધાન્યવાદ પણ ઉદ્‌ભવ્યો. પ્રો. પાઠક સાહેબ બુદ્ધીપ્રાધાન્યવાદની તરફેણ કરે છે પણ કલ્પનાના તત્વનો અનાદર કરતા નથી !

આ કલ્પનાની ભુમીમાંથી કવીતા, ટુંકી વાર્તા અને નવલકથા અંકુરીત થાય છે. પ્રા. રમણ પાઠકે કથા સાહીત્યનું સર્જન કર્યું છે. કથા સાહીત્યમાં કલ્પના-ઉર્મીનું તત્વ પ્રવર્તે છે તેનો એમણે અનાદર કર્યો નથી.

અને હવે આટલું તપાસ્યા બાદ જો માણસ માત્ર ને માત્ર બુદ્ધીપ્રધાન હોય તો પણ 'પ્રેમ'ના તત્ત્વની બાદબાકી કરીને જીવી ન શકાય - એવું સ્વીકાર્યે છુટકો નથી ! આ સૃષ્ટીના અને માનવી જીવમાત્રના ઉદ્‌ભવમાં પ્રેમ જેવું કોઈ એક શબ્દાતીત તત્વ છે તેની કોણ ના પાડી શકે ? બીજા કોઈ ભલે ના પાડે તો ના પાડો, પણ પ્રા. પાઠક તો ના નહોતા પાડી શકયા ! એનો થોડો ઘણો શીતળતાભર્યો સ્પર્શ તો એમનાં સંપર્કમાં આવનારને અચુક અનુભવવાનો મળ્યો જ હશે !

પ્રા. રમણ પાઠકની વર્તમાનપત્રમાં લખાતી કટારનું નામ હતું - 'રમણભ્રમણ' ! રમણભાઈ જીવંત ગતીશીલ હતા એટલે સ્થીરતા અને હઠીલી દ્રઢતાનો એમની 'રમણભ્રમણ'ના કટારના લેખોમાં સ્થાન નહોતું ! રમણ પાઠક તો ગોવર્ધનરામ ત્રીપાઠીના 'સરસ્વતીચન્દ્ર' જેવા Vagabond philosopher હતા. Vagabond એટલે one who wanders from place to place, having no fixed dwelling or not abiding in it, and without means of livelihood. આ ઉપરોકત અર્થમાં 'રમણભ્રમણ'ના પ્રા. રમણ પાઠક નીત્ય ગતીશીલ હતા. બારડોલી અને બારડોલીની કોલેજમાં કોઈ વાતે ખોટ નહોતી-પણ એને છોડી એકવાર તો તેઓ લગભગ અદ્રશ્ય થઈ ગયા હતા ! દીવસો પછી પાછા આવ્યા હતા ! બારડોલી છોડીને કોઈ અન્ય સ્થળે અન્ય કોલેજમાં પણ 'ભ્રમણશીલ' 'અજંપાશીલ' તેઓ નીકળી ચુકયા હતા ! 'અજંપો' એ એમની 'મુડી'હતી. પરીણામે નીત્ય ગતીશીલતા એ એમની પ્રાપ્તી હતી !

પ્રા. રમણ પાઠક પ્રેમના માણસ હતા. માણસના પ્રેમને એઓ જાણતા અને ઓળખતા હતા. એઓ આપણી વચ્ચેથી ખાલી હાથે ગયા કે શું તે હું જાણતો નથી, પણ એઓ ખાલી હૈયે

ગયા નથી ! એ પ્રેમના માણસ હતા - પ્રેમ એટલે - a deep caring for the existence of another. એઓ ખાલી હૈયે ગયા નથી ! ખાલી હૈયે - એટલે 'સ્મૃતીશુન્ય અવસ્થા'માં ગયા નથી. એવું છે એટલે જ આપણે બધા એમનું જન્મ શતાબ્દી વર્ષ ઉજવીએ છીએ !....

બસ, આજે આટલું બસ, आज इतना ही ! इती अलम् । જો કે ભ્રમણ જેનો સ્વભાવ છે - એ જરૂર પાછા આવશે - એ આવ્યા હોય તમને મળી ગયા હોય તો મને - એટલે કે અશ્વીન દેસાઈને, શર્વરી-મુકેશને અને સુર્યકાન્ત શાહને કહેજો. !!!

## એવો ચમત્કાર ખતરનાક છે

**– એન. વી. ચાવડા**

કોઈ જયોતીષી, બાબાગુરુ કે સાધુ-સંત જો એવું કહી બતાવે કે અમુકના ઘરમાં પૈસા ભરેલો ડબ્બો કે ધનથી ભરેલો કળશ કયાં દાટેલો છે, તો એવી ઘટનામાં ઘરમાં મીલકત સંતાડનાર કે દાટનાર માલીક અને કહેવાતા ગુરુ કે જ્યોતીષીનું મેળાપીપણું છે. બાકી જગતમાં એવી કોઈ વીદ્યા નથી કે ધન દાટે કોઈ અને એની અન્યને કોઈ માહીતી ન હોય છતાંય તે ધન કયાં દાટયું છે તેની ખબર પડી જાય. જગતમાં કોઈ ત્રીકાળજ્ઞાની વ્યકતી પણ હોતી નથી, જો હોત તો ભારતની આજની સવા અબજની વસ્તીમાં અનેક ત્રીકાળજ્ઞાનીઓ હોત ! તેથી આજના જગતમાં જે કયાંય એવો કીસ્સો પ્રગટ થાય કે કોઈના ઘરમાં સંતાડેલું કે દાટેલું ધન કોઈ સ્વામી બાબાએ બતાવી દીધું તો સમજવું કે એ ઘટના બનાવટી છે. અને જો સાચી હોય તો માનવું કે ધન દાટનાર અને તેને બતાવનાર બન્નેની એ મીલીભગત છે. એવી મીલીભગત શા માટે, એ અલબત્ત સંશોધનનો વીષય બની શકે છે, અને તેથી જ એવી ઘટના ખતરનાક પણ હોઈ શકે છે.

એવું બનવાનો પણ સંભવ છે કે સમાજને જયોતીષી, બાબાસાધુ અને માંત્રીક-તાંત્રીકોના સકંજામાંથી ન છટકવા દેવામાં અથવા એમના સકંજામાં કાયમ સપડાવી રાખી એમની કમાણીને કાયમ માટે ચાલુ રાખવા માટે આવા બનાવટી ચમત્કારની ઘટનાઓનો પ્રચાર ચાલુ રાખવામાં આવે છે. કેટલાંક લોકોને પૈસા આપીને પણ પોતાના જીવનમાં આવો ચમત્કાર બન્યો છે, એવું કહેતા કે લખતાં પણ બતાવવામાં આવે છે. તેથી કોઈ પણ પ્રકારના ચમત્કાર વીશે આમ જનતાએ હમેશાં શંકાશીલ રહીને તેનાથી દુર જ રહેવું કારણ કે ચમત્કાર એ છેતરપીંડી સીવાય કશું જ નથી.

# પ્રા. રમણભાઈ પાઠક અને પ્રગતીશીલ લેખક સંઘ

**–અતુલ પાઠકજી**

પ્રા. રમણભાઈ પાઠકની 'રમણભ્રમણ' કોલમ ઈ.સ. ૧૯૭૬માં 'ગુજરાતમીત્ર'માં શરુ થઈ. શરુઆતમાં હું તે વાંચતો ન હતો, પરંતુ મારા પીતાશ્રી પ્રમોદચંદ્ર પાઠકજીએ મને બે ત્રણ વખત કહ્યું કે 'રમણભ્રમણ' કોલમ ખુબ સારી આવે છે અને તે જો તું વાંચશે તો તને ગમશે.' આ પછી મેં 'રમણભ્રમણ' વાંચવાનું શરુ કર્યું. મને તે ગમવા લાગી, અને હું આ કોલમનો નીયમીત વાચક બની ગયો.

તે વખતે હું 'રમણભ્રમણ' વાંચતો, પરંતુ રમણભાઈ પાઠકને ઓળખતો ન હતો. તેમને હું કદી મળ્યો ન હતો.

ઈ. સ. ૧૯૮૦ માં 'સત્યશોધક સભા' ની સ્થાપના પછી કેટલીક વાર રમણભાઈને મળવાનું થવા લાગ્યું. ઈ. સ. ૧૯૮૦માં જ એડવોકેટ ડાહયાભાઈ વશી અમદાવાદથી સુરત આવ્યા. તેમણે સુરતમાં 'દક્ષીણ ગુજરાત પ્રગતશીલ લેખક સંઘ'ની સ્થાપના કરી. આ 'દક્ષીણ ગુજરાત પ્રગતીશીલ લેખક સંઘ'ના પ્રા. રમણભાઈ પાઠક પ્રમુખ બન્યા. પ્રા. બાબુભાઈ દેસાઈ ઉપપ્રમુખ બન્યા, હું કોષાધ્યક્ષ બન્યો. આ પછી પ્રા. રમણભાઈ સાથે મારા સંબંધો ખુબ ઘનીષ્ઠ બની ગયા.

હું અનેક વાર તેમને ઘેર જવા લાગ્યો. તેઓ રીંગ રોડ પર 'પત્રકાર કોલોની'માં રહેતા હતા. તેઓ મારે ઘેર પણ અવારનવાર આવતા થયા. તેઓ ઘેર આવતા ત્યારે મારા કરતાં મારા પીતાશ્રી પ્રમોદચંદ્ર પાઠકજી સાથે વધુ ચર્ચા કરતા. તે બન્નેને પણ એકબીજા સાથે ઘણું ફાવતું.

'અખીલ ભારતીય પ્રગતીશીલ લેખક સંઘ'ની સ્થાપના શ્રી પ્રેમચંદજીએ કરી હતી. શ્રી પ્રેમચંદજી હીન્દી સાહીત્યના અગ્રણી નવલકથાકાર તેમ જ પ્રગતીશીલ ચીંતક હતા. અમે સુરતમાં દર વર્ષે 'દક્ષીણ ગુજરાત પ્રગતીશીલ લેખક સંઘ' તરફથી મોટા પાયા પર ભવ્ય રીતે 'પ્રેમચંદ જયંતી'ની ઉજવણી કરતા.

'દક્ષીણ ગુજરાત પ્રગતીશીલ લેખક સંઘ'ના ઘણા કાર્યક્રમોમાં રમણભાઈએ શ્રી જોસેફ મેકવાનને, અને શ્રી રજનીકુમાર પંડયાને આમંત્રણ આપ્યા હતાં. એમણે અમારી સાથે વાર્તાલાપ કર્યા હતા.

રમણભાઈ પાઠક મારા 'ઈન્ડો-સોવીયેટ કલ્ચરલ સોસાયટી'ના ઘણા કાર્યક્રમોમાં સુરતમાં તેમ જ અમદાવાદમાં હાજર રહેતા, અને પ્રવચન પણ કરતા. એમણે સોવીયેટ કોન્સોલેટ ઓફીસના માહીતી ખાતામાં મુંબઈ ખાતે નોકરી કરી હોવાને કારણે સોવીયેટ સંઘ અંગેની લગભગ બધી જ બાબતો અંગે એમને માહીતી હતી. 'ઈન્ડો સોવીયેટ કલ્ચરલ સોસાયટી'માં તેમનું પ્રવચન સાંભળવું સૌને ગમતું.

ઈ.સ. ૨૦૦૮માં 'ગુજરાત રાજય પ્રગતીશીલ લેખક સંઘ'ની પુનઃ રચના થઈ ત્યારે રમણભાઈને રાજય કક્ષાએ કંઈક હોદ્દો આપવાની ઓફર કરવામાં આવી, પરંતુ તેમણે નાદુરસ્ત તબીયતને કારણે રાજયકક્ષાએ કોઈ પણ હોદ્દો સ્વીકારવાની અનીચ્છા વ્યકત કરી. આ ઉપરાંત 'દક્ષીણ ગુજરાત પ્રગતીશીલ લેખક સંઘ'નું પ્રમુખપદ છોડવાની પણ એમણે ઈચ્છા વ્યકત કરી. રમણભાઈએ ઈ. સ. ૧૯૮૦ થી ઈ. સ. ૨૦૦૮ એમ ૨૮ વર્ષ દક્ષીણ ગુજરાત પ્રગતીશીલ લેખક સંઘ' નું પ્રમુખપદ સંભાળ્યું અને ઈ. સ. ૨૦૦૮માં સ્વેચ્છાએ નીવૃત્ત થયા.

ઈ. સ. ૨૦૦૮થી હું 'ગુજરાત રાજય પ્રગતીશીલ લેખક સંઘ' નાં પ્રીસીડીયમનો સભ્ય બન્યો, અને ડો. સુષ્માબેન અય્યર 'દક્ષીણ ગુજરાત પ્રગતીશીલ લેખક સંઘ'ના પ્રમુખ બન્યા.

---

## રેશનલ ચળવળ

### (૧) વીજ્ઞાનજાથા, રાજકોટ

(૧) રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત જયંત પંડયાની આગેવાની હેઠળ ચાલતા રાજકોટના વીજ્ઞાન જાથાએ હવે પોતાની વેબસીરીઝ શરુ કરી છે. આ વેબનું ઉદ્દ્ઘાટન રાજકોટના ડેપ્યુટી મેયર દર્શીતાબેન શાહે કર્યું હતું.

(૨) આણંદમાં એક મુર્તીની આંખ અને જીભમાંથી ઘીનો પ્રવાહ નીકળવાના ચમત્કારનો વીજ્ઞાન જાથાએ ભાંડાફોડ કર્યો હતો. આ ધતીંગને કરનારા ભુવો અને તેની ચેલીએ અંતે માફી માંગી હતી.

(૩) રાજકોટના સદ્ભાવના વૃદ્ધાવસ્થામાં અંધશ્રદ્ધા નીવારણ અને ચમત્કારોથી ચેતવાની બાબતોને કેન્દ્રમાં રાખીને જયંત પંડયાએ ઉદ્બોધન કર્યું હતું. જાથાનો આ ૧૦,૦૦૨ મો કાર્યક્રમ હતો.

---

*** તમારો પ્રેમ એમની ઉપર ન વેડફશો....જે તેની કીંમત ન સમજતો હોય !**

**-શેકસપીયર**

# પર્યાવરણ અને મહીલાઓ

-ડો. સુષ્મા ઐય્યર
મો-૯૪૨૬૧ ૦૪૪૩૯

આજનો વીષય સાંપ્રત સમયનો સળગતો પ્રશ્ન છે. કેવળ મહીલાઓને જ નહીં પરંતુ સંપુર્ણ સમાજને પર્યાવરણ અસર કરે છે. આમ બાળકો, સ્ત્રી, પુરુષ કોઈ બાકાત નથી પરન્તુ સૌથી વધારે સીધી અને આડકતરી રીતે પર્યાવરણની અસર મહીલાઓ પર થાય છે.

દરેક મુદ્દા પર ચર્ચા કરતાં પહેલા જાણી લઈએ કે પર્યાવરણ એટલે શું ?

**પર્યાવરણ માનવ જાતી માટે છે.**

૧) તેની આસપાસની પરીસ્થીતી, વસ્તુઓ, વાતાવરણ.

૨) મનુષ્યની આસપાસની ભૌતીક, રાસાયણીક તથા જૈવીક અસરો જેવી કે મોસમ, જમીન, જીવજંતુ, પશુ-પક્ષીઓ, આ પરીબળો મનુષ્ય જાતીની હયાતી પર, પૃથ્વી પર જીવીત રહેવાની સંભાવના પર અસર કરે છે.

**પર્યાવરણના ચાર પ્રકાર છે.**

૧) લીર્થો સ્ફેર એટલે કે પત્થર, પહાડ, રેતી, ખડકો વગેરે.

૨) હાઈફ્રાસ્ફેર - એટલે કે પાણી - તે નદી, દરીયા, તળાવ, મહાસાગરના

૩) બાયોસ્ફેર - સજીવ અને વનસ્પતીનો સમાવેશ થાય છે.

આજે પર્યાવરણ બગડી રહ્યું છે. પર્યાવરણનો આપણી સુખાકારીમાં ખુબ જ અગત્યનો ફાળો છે. પર્યાવરણના કારણે જ જીવનનું પૃથ્વી પર અસ્તીત્વ છે અને મનુષ્ય જાતીનું પણ !

શારીરીક, માનસીક, આર્થીક સ્વાસ્થ્ય માટે યોગ્ય Ecosysten જરુરી છે. બગડતા પર્યાવરણની આડઅસરો મનુષ્ય, પ્રાણી, વનસ્પતીના જીવનને જોખમમાં મુકી દે છે.

**સૌથી વધુ ખરાબ અસર મુખ્યત્વે નીચે જણાવેલ કારણોથી થાય છે.**

૧) મોસમ-ઋતુમાં ફેરફાર ( Climate change )

૨) પ્રાણીઓની અમુક પ્રજાતીઓની વીલુપ્તતા તથા વીવીધતામાં ઘટ Biodiversity loss and extinetion.

૩) હવા તથા પાણીનું પ્રદુષણ - નદી, તળાવ, સાગર, હવા પર અસર Air and water pollution

૪)	પાણીની તંગી-Water Scarcity

૫)	કુદરતી સંપત્તીઓનો ઘટાડો-તેલ, ખનીજ, ગેસ, કોલસાની તંગી.

૬)	જંગલોનો ઘટાડો - deforestation

૭)	જમીનની ફળદ્રુપતાં ઘટાડો તથા ગુણધર્મમાં ફેરફાર - ઈલેકટ્રોનીક waste, ઔદ્યોગીકરણનો કચરો, રાસાયણીક ખાતર, ન્યુકલીયર કચરો હવા, પાણી, જમીનમાં ફેંકાય છે. જો ઉંડો વીચાર અને ગંભીર વીશ્લેષણ કરીએ તો ખુબ જ ભયાનક પરીસ્થીતીમાં આપણે જીવી રહયા છીએ. આપણે આપણા ભવીષ્ય કરતાં આવનારી પેઢીઓનો વીચાર કરી પર્યાવરણને બચાવવા દરેકે કમર કસી કામ કરવું પડશે.

આ બધાની મહીલાઓ પર પર્યાવરણની અસર ગંભીર છે. આ માટે ચર્ચા કરવા આખા દીવસનો સેમીનાર પણ ઓછો પડે.

આથી હું મુખ્ય મુખ્ય નકારાત્મક અસરો વીશે એક મહીલા તબીબ સમાજની જવાબદાર નાગરીક તરીકે ટુંકમાં જ જણાવીશ.

(૧) **શારીરીક અસર :** માણસને જીવવા માટે સ્વચ્છ હવા, પાણી, ખોરાક જોઈએ. ૯૨% લોકોને તે મળતા નથી. શહેરમાં પ્રદુષણનું પ્રમાણ વધારે છે. ગામડામાં ગરમી, ચુલાનો ધુમાડો, પાણીની તંગી, અપુરતો ખોરાક, શીક્ષણનો અભાવ, સ્વાસ્થ્યની સુવીધાની અછત, સારવારનો અભાવ મહીલા પર વધુ અસર કરે છે. વળી મહીલાઓ પ્રત્યે દરેક બાબતમાં ભેદભાવ રખાય છે.તેની પાસે વધુ કામ લેવાય છે. આમ મહીલાઓમાં હીમોગ્લોબીન ઓછું હોય છે. રોગ પ્રતીકારકતા ઘટેલી હોય છે. બાલીકા મૃત્યુ દર વધુ હોય છે. પાંચ વર્ષ સુધી ૩૦% જેટલી છોકરીઓ જીવી શકતી નથી. જે જીવે છે તેમાંથી મોટા ભાગની ત્રીજા ધોરણ પછી ભણતી નથી.

શહેરમાં મહીલાઓમાં કેન્સર, શ્વાસની બીમારી અંધત્વનું પ્રમાણ વધી રહયું છે. છોકરીઓને માસીક વહેલા ચાલુ થાય છે અને મેનોપોઝ મોડો આવે છે. આમ શારીરીક, માનસીક, સામાજીક અસરો એકબીજાથી જોડાયેલી છે.

ગરીબી, ભેદભાવ, હીંસા, બેરોજગારી, એકલતા, અશીક્ષા, સ્ત્રીમાં પુરુષ કરતાં વધુ છે. આથી તે વધારે હેરાન થાય છે. અભાવના લીધે સ્વાસ્થ્ય, શીક્ષણ, વ્યવસાય માટે સ્ત્રીને વધુ શોષાવું પડે છે. ઉપર જણાવેલ આડઅસરોની મહીલા પર વધુ અસર થાય છે.

(૨) **માનસીક અસર** - ઉચાટ, તાણ, ડીપ્રેસન, ગાંડપણ યાદશકતીમાં ઘટાડો ભુલવાપણું. આત્મવીશ્વાસનો અભાવ, નકારાત્મકતા, લઘુતા ગ્રંથીથી સ્ત્રી વધુ પીડાય છે.

(૩) **સામાજીક અસરો** - વંધ્યત્વ, સારવારનો અભાવ, શહેરીકરણની નકારાત્મક અસરો - સ્ત્રીના ઘરની અંદર તથા બહારની સામાજીક સુરક્ષા, સામાજીક રીતે નીમ્નતા વગેરેનો સ્ત્રી ભોગ બને છે.

**આર્થીક અસર** - સ્ત્રીની આર્થીક પરાધીનતા અથવા ઘરની બહાર નીકળી કામ કરવું, આર્થીક રીતે કુટુંબને મદદરુપ થવું જરુરી બને છે ત્યારે સ્ત્રીને ઘર, બાળકો, રીવાજ તથા નોકરી દરેક ક્ષેત્રે દોડવું પડે છે.

**પર્યાવરણને બચાવવા સ્ત્રી શું કરી શકે તે જોઈએ.** સૌ પ્રથમ તો સ્ત્રીમાં જાગૃતી લાવવાની જરુર છે કે તે પોતાને તથા પોતાના પરીવારને બચાવે અને આ માટે તે પર્યાવરણને પ્રદુષણથી બચાવે. આ માટે તેણે પર્યાવરણના પ્રદુષણને જાણવું પડશે. કારણ કે અંતે તો આ પર્યાવરણનું પ્રદુષણ મનુષ્યની લાપરવાહી, અયોગ્ય પ્રવૃત્તીઓ, ઔદ્યોગીકીકરણ, મુડીવાદના લીધે જ વધ્યું છે.

આથી સવારથી ઊઠી રાત સુધી ડગલે ને પગલે આપણે પર્યાવરણ પર અસર કરીએ છીએ. આથી આપણે

(૧) પાણીનો બચાવ

(૨) પ્લાસ્ટીકના ઓછો ઉપયોગ - તે માટે Reuse-Refuse-Recycle-Reduce જરુરી છે.

(૩) રાસાયણીક પ્રદુષણથી દુર રહેવું, કેમીકલ ફેકટરીમાં કામ ન કરવું, તથા તે કેમીકલનો કચરો નહેરો, નાળા, નદી તથા દરીયામાં ન નંખાય તે માટે જાગૃતતા કેળવવી.

(૪) વધુ વૃક્ષો વાવવા.

(૫) જંગલોનો બચાવ.

(૬) શારીરીક, માનસીક, સામાજીક, આર્થીક સ્વસ્થતાની મજબુતી કેળવવી.

આમ એક જ શબ્દમાં કહું તો પર્યાવરણ અંગે જાગૃતી કેળવવી જરુરી છે. સામાજીક, રાજકીય નીયમો પણ એવા ઘડાવા જોઈએ જે મદદ કરે. ભારતીયો સૌથી વધુ પર્યાવરણ અંગે બેદરકાર છે અને પાછળ છે.

વૈશ્વીક ભુખમરામાં ૧૦૧ મો ક્રમ

માનવવીકાસ સુચકાંકમાં ૧૩૧ મો ક્રમ

ખુશ રહેવા સુચકાંકમાં ૧૩૬ મો ક્રમ

પ્રેસ સ્વતંત્રતા ક્રમાંક ૧૫૦ મો ક્રમ

વૈશ્વીક યુવા વીકાસમાં ૧૨૨ મો ક્રમ

ભ્રષ્ટાચારમાં ૮૫ મો ક્રમ

અને પર્યાવરણ પ્રદુષણ સુચકાંકમાં ૧૦૭ મો ક્રમ

આ દર્શાવે છે કે આપણે ખોટા રીતરીવાજો, અંધશ્રદ્ધા, ધાર્મીક ઉન્માદ, નાતજાતના ભેદભાવ, વેરઝેર છોડી પર્યાવરણના અભ્યાસ પર ધ્યાન આપવું પડશે.

દરેક મહીલા મંડળે ધાર્મીક સંસ્થાએ, સામાજીક સંસ્થાએ કે મેડીકલ એસોસીએશને, શાળા-કોલેજ-ટીવી-રેડીયો દ્વારા જાગૃતતા લાવવાની જરુર છે.

સરકારોએ પોતાની નીતીઓ સુધારવી પડશે. પર્યાવરણ સંરક્ષણ માટે કાયદા ઘડવા તથા તથા તેનું કડક પાલન કરાવવું પડશે. નહીં તો આજનો કહેવાતો વીકાસ વીનાશ તરફ લઈ જશે, અને કદાચ પૃથ્વી પરથી જીવન અદ્રશ્ય પણ થઈ જાય ! જાગો બહેનો ! જાગો બહેનો !)

---

**(સત્યશોધક સભા અને રોટરી કલબ ઓફ ડાયમંડ સીટીના ઉપક્રમે યોજાયેલ વાર્તાલાપમાં ડો. ઐશ્વર્યે આપેલ પ્રવચન. 'સત્યાન્વેષણ' ના ૧૫-૮-૨૨ના અંકમાં ઉત્તમ પરમારના 'વૈજ્ઞાનીક અભીગમ વીનાનું શીક્ષણ એક અભીશાપ' લેખ પણ આ વાર્તાલાપમાં એમના તરફથી અપાયેલ પ્રવચનનો જ સાર હતો.)**

---

## સત્યશોધક સભાને સહાય

**રમણપાઠક શતાબ્દી પર્વ ઉજવણીના પહેલા મણકાના કાર્યક્રમમાં સ્ટેજની જે સેવા મળી હતી તેના મીલન કેટરરે (અડાજણ પાટીયા, રાંદેર) એ સેવા સત્યશોધક સભાને નીઃશુલ્ક આપી છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

**સુર્યકાન્ત શાહ**

**તા. ૧૫-૯-૨૨** **પ્રમુખ**

# રમણભાઈ પાઠકને સ્મરણાંજલી

**–ડૉ. ગણેશ ખૈરે**
**મો.–૯૩૨૭૭ ૧૨૨૦૩**

આપ આવ્યા સમયસર નહીં તો,
નાવ જીવનની ભુલી પડી'તીઃ
કોણ સંભાળતે આ દીશા-હીનઃ
જેને આજે દીશાઓ મળી ગઈ ! (૧)

કેવી કણસી રહી'તી જીંદગાની,
ધુંધળી આશ જીવનની થઈ'તી;
તારી પડતાં નજર બસ હવે તો,
પંગુઓને ગતી સાંપડી ગઈ ! (૨)

ભાવ બુદ્ધીનો ભરવો છે જગમાં,
એ અનોખી ઈબાદત થઈ ગઈ;
એક તારા ભરોસે ઓ માનવ
સાચી વાતો હ્રદયમાં વસી ગઈ ! (૩)

અવનવા છે અભીનવ વીચારો,
નીત્ય નીરખી અનુભવ કહે છે;
કળી કાળે અસંભવ જે વાતો,
માનવીને પ્રતાપે બની ગઈ ! (૪)

---

* "હકીકતમાં આપણી સમક્ષ બે બાબતો રહેલ છે."
'વીજ્ઞાન અને અભીપ્રાય. વીજ્ઞાન એ જ્ઞાનને અને અભીપ્રાય એ અજ્ઞાનતાને વધારે છે.' **–હીપોક્રેટસ (ઈ.સ. પુર્વે ૪૬૦ થી ઈ. સ. પુર્વે ૩૭૭)**

* જે **ધર્મ અસંતોષ** માટે છે - પણ **સંતોષ માટે નથી** - જે ધર્મ **ભીડ** માટે છે - પરંતુ **એકાંત** માટે નથી - જે ધર્મ **આળસુઓ** માટે છે - પણ **પરીશ્રમી માટે નથી** - જે ધર્મમાં **અતીકઠીન ઉપાય છે,** પણ **સુગમતા** નથી - તે **ખરેખર ધર્મ નથી - ગૌતમ બુદ્ધનો મહત્વનો સંદેશ. ('ચીંતનકણીકા' મોહન પટેલ તરફથી)**

# 'સત્યના પ્રયોગો'માં ગાંધીજીનું સત્યાન્વેષણ

આપણામાં તો પ્રાચીન કાળમાં વીદ્યાર્થી બ્રહ્મચારીને નામે જ ઓળખાતો. આ જમાનામાં જ બાળવીવાહનો ચાલ પડયો છે. વીલાયતમાં બાળવીવાહ જેવી વસ્તુ છે જ નથી એમ કહી શકાય. તેથી હીંદી જુવાનોને પોતે પરણેલા છે એમ કબુલ કરતા શરમ થાય. વીવાહ છુપાવવાનું બીજું એક કારણ એ કે, જો વીવાહ જાહેર થાય તો જે કુટુંબમાં રહેવા મળે તે કુટુંબની જુવાન છોકરીઓ સાથે હરવાફરવા અને ગેલ કરવા ન મળે. આ ગેલ ઘણા ભાગે નીર્દોષ હોય છે. માબાપો આવી મીત્રાચારી પસંદ પણ કરે.

* * *

દાદા અબ્દુલ્લાના કેસની તૈયારી કરતો હતો ત્યારે હકીકતનો મહીમા હું આટલે દરજ્જે નહોતો પારખી શકયો. હકીકત એટલે સત્ય વાત. સત્ય વાતને વળગી રહેતા કાયદા એની મેળે આપણી મદદમાં ગોઠવાઈ જાય છે.

* * *

તૈયબ શેઠને મેં વીનવ્યા,, ઘરમેળે પતાવવાની સલાહ આપી. તેમના વકીલને મળવાનું. મેં સુચવ્યું. બંનેને વીશ્વાસ આવે તેવા પંચને તેઓ નીમે તો કેસ ઝટ પતી જાય. વકીલોના ખર્ચ એટલા બધાં કરતા હતાં કે તેમાં મોટા વેપારી પણ ખપી જાય. બંને એટલી ચીંતાથી કેસ લડતા હતા કે એકે નીરાંતે બીજું કશું કામ ન કરી શકે. દરમ્યાન વેર પણ વધ્યે જ જતાં હતાં. મને વકીલાત ઉપર તીરસ્કાર છુટયો. વકીલ તરીકે તો બંનેના વડીલોએ એકબીજાને જીતવાની કાયદાની બારીઓ જ શોધી દેવાની રહી. જીતનારને બધું ખર્ચ કોઈ દીવસ નથી મળી શકતું એ મેં આ કેસમાં પ્રથમ જાણ્યું. પક્ષકારની પાસેથી લઈ શકાય એવી ફીનો એક આંકડો હોય. આ બધું મને અસહ્ય લાગ્યું. મને તો લાગ્યું કે મારો ધર્મ બંનેની મીત્રતા કરવાનો હતો. બંને સગાને મેળવવાનો હતો. મે સમાધાનીને સારુ કાળજાતુટ મહેનત કરી. તૈયબ શેઠ માન્યા. છેવટે પંચ નીમાયા. કેસ ચાલ્યો. કેસમાં દાદા અબ્દુલ્લા જીત્યા.

* * *

અમારી વચ્ચે રહેતા મૌલીક ભેદો અમે બંને જાણતા હતા. એ ભેદો ચર્ચા કરી ભુંસી શકાય તેવું નહોતું. જયાં જયાં ઉદારતા, સહીષ્ણુતા અને સત્ય છે ત્યાં ભેદો પણ લાભદાયક નીવડે છે. મને આ દંપતીનાં નમ્રતા, ઉદ્યમ, કાર્યપરાયણતા પ્રીય હતાં. તેથી અમે વખતોવખત

મળતાં. થીયોસોફીકલ સોસાયટીએ પ્રગટ કરેલ ઉપનીષદનું ભાષાંતર વાંચ્યું. મારો હીંદુ ધર્મ પ્રત્યેનો આદર વધ્યો. તેની ખુબી હું સમજવા લાગ્યો. પણ બીજા ધર્મો પ્રત્યે મને અભાવ ન થયો. વોશીંગ્ટન અરવીંગ કૃત મહમદનું ચરીત્ર અને કાર્લાઈલની મહમદ સ્તુતી વાંચ્યા. પેગંબર પ્રત્યે મારું માન વધ્યું.

ટોલ્સ્ટોયના પુસ્તકોનું વાચન વધારી મુકયું. તેનું ગોસ્પેલ્સ ઈન બ્રીફ (નવા કરારનો સાર) વોટ ટુ ડુ ? (ત્યારે કરીશું શું ?) વગેરે પુસ્તકોએ મારા મન ઉપર ઉંડી છાપ પાડી. વીશ્વપ્રેમ મનુષ્યને કયાં લગી લઈ જઈ શકે છે એ હું વધારે ને વધારે સમજવા લાગ્યો.

* * *

એક પાયખાનાની નોંધ કર્યા વીના રહેવાય તેમ નથી. દરેક ઘરમાં મોરી તો હોય જ. તેમાં પાણી ઢોળાય ને લઘુશંકા પણ થાય. એટલે ભાગ્યે કોઈ કોટડી બદબો વીનાની હોય, પણ એક ઘરમાં તો સુવાની કોટડીમાં મોરી અને પાયખાનું બંને જોયા. અને તે બધું મેલું નળી વાટે નીચે ઊતરે. એ 'કોટડીમાં ઉભ્યું જાય તેમ નહોતું. તેમાં ઘરધણી કેમ સુઈ શકતા તે તો વાંચનારે વીચારી જોવું.

કમીટીએ હવેલીની પણ મુલાકાત લીધી હતી. હવેલીના મુખીયાજીની સાથે ગાંધી કુટુંબને સારો સંબંધ હતો. મુખીયાજીએ હવેલી જોવા દેવાની અને બની. શકે તેટલા સુધારા કરવાની હા પાડી. તેમણે પોતે તે ભાગ કોઈ દીવસ જોયો નહોતો. હવેલીમાં જે એઠવાડ અને બગાડ થાય તે પાછળ રાંગ ઉપરથી ફેંકી દેવામાં આવતાં. ને તે ભાગ કાગડા સમડીઓનો વાસ થઈ પડયો હતો. પાયખાના તો ગંદા હતા જ. મુખીયાજીએ કેટલો સુધારો કર્યો એ જોવા હું ન પામ્યો. હવેલીની ગંદકી જોઈને દુઃખ તો થયું જ. જે હવેલીને આપણે પવીત્ર સ્થાન સમજીએ ત્યાં તો આરોગ્યના નીયમોનું ખુબ પાલન થવાની આશા રખાય. સ્મૃતીકારોએ બાહ્યાંતર શૌચ ઉપર ખુબ ભાર મુકયો છે એ મારા ધ્યાન બહાર ત્યારે પણ નહોતું.

---

જે. ક્રીષ્ણામુર્તીએ ભગવાન, ખુદા કે ગોડ માટે મુદ્દાની વાત કરી છે. ભગવાન થકી મને કોઈ સમસ્યા નડવી જોઈએ નહીં. એ જ પ્રમાણે સેકસ, ખોરાક કે કોઈપણ ચીજ થકી મને સમસ્યા નડવી જોઈએ નહીં. હું મુકત રહેવો જોઈએ. જો ભગવાન થકી મને સમસ્યા જ નડવાની હોય તો તેનું કોઈ મુલ્ય જ નથી. ભગવાનને જો મહાશકતી તરીકે માનવામાં આવતા હોય, અને ખરેખર તે હોય જ તો તો એણે જ ચોખ્ખું, નીર્દોષ, સમસ્યામુકત અને ખામીમુકત મગજ રાખવું જોઈએ ને !

એક બીજા નર્મદ એટલે

# પ્રા. રમણ પાઠક – 'વાચસ્પતી'

–રમેશ પટેલ

મો.–૯૮૨૫૧ ૦૦૨૫૫

પ્રા. રમણ પાઠકને સાચા અર્થમાં હું ઉત્તમ માણસ ગણું છું. એક સાચા દીલના નીખાલસ માણસ એટલે રેશનાલીસ્ટ વીચારક : પ્રા. રમણ પાઠક.

'ગુજરાતમીત્ર'ની શનીવારે પ્રકટ થતી કોલમ 'રમણ-ભ્રમણ' વાંચનારાઓની સંખ્યા ઘણી હતી. એઓ એકલવીર હતા. દુનીયા શું કહે તેની એમને જરાય પડી નહોતી. એઓને હું 'ગુજરાતના બીજા નર્મદ' ગણું છું. એમની કોલમ કે લેખો-પુસ્તકો વાંચીએ ત્યારે મનમાં એક અત્યંત કડક સ્વભાવના માનવીની છબી હોય, પણ જો આપણે રુબરુ મળીએ તો સાવ રુજુ હૃદયના, 'માણસ'ને ચાહનારા નીર્મળ માણસ. મારા દુરના મામા ઈચ્છુભાઈ સોંસકવાળા પુરા ધાર્મીક માણસ છતાં ય 'રમણભ્રમણ' કટારથી અત્યંત પ્રભાવીત. એમને પ્રા. રમણ પાઠકને મળવા અનેક વખત લઈ ગયો છું. જયારે પણ મળવા જઈએ ત્યારે જાતે જ કડક ચા અમને પીવડાવે અને સાથે ભજીયાનો નાસ્તો પણ !

મારા વીજ્ઞાન તેમ જ સાહીત્યને લગતાં અનેક પુસ્તકોનાં એમણે એમની કટારમાં અનેક વખત અવલોકન લખ્યાં છે. તેથી હું એમનો જીવનભરનો આભારી અને રુણી છું-રહીશ જ !

આવા નીરાદંભરી સાહીત્યકાર મેં કદીય જોયા નથી. વીરોધી વીચારોને આત્મસાત કરી તર્કબદ્ધ રજુઆત કરી તેને તેઓ યોગ્ય દીશા ચીંધી બતાવતા.

પ્રા. રમણ પાઠક એટલે રેશનાલીઝમના ગુરુ - પાયાના પથ્થર. જો એઓ રેશનાલીઝમના માર્ગે ન ગયા હોત તો આપણને સોનેટકાર-કવીશ્રી ઉશનસ્ અને કવીશ્રી જયન્ત પાઠક જેવા જ ઉત્તમ સાહીત્યકાર સાંપડયા હોત ! એમનું સમગ્ર જીવન નીસ્પૃહતાથી ભરેલ ઉત્તમ કક્ષાનું જ કહી શકાય !

પ્રા. રમણ પાઠકનો વીદાય સન્માન સમારંભ તા. ૧૩ મીએ બારોલી મુકામે 'સ્મશાન'માં રાખેલ. એ કાર્યક્રમમાં હું અને મારા ચીત્રકાર મીત્ર શ્રી બાલુભાઈ ડી. સોલંકી હાજર હતા.

'પ્રેમાનંદ સાહીત્ય', વડોદરા તરફથી અપાતું વીજ્ઞાનનું પારીતોષીક મેં એમના હસ્તે સ્વીકારેલ. નીખાલસ એટલા કે 'રાત્રે પાર્ટીમાં રોકાવું છે ?' જયારે એમણે પુછયું ત્યારે હું

અને મારા-મીત્ર-વેવાઈ શ્રી જગદીશ મ. પટેલ ખડખડાટ હસી પડયા, અને વીનમ્ર ભાવે ‘ના’ કહયું હતું કારણ અમે બંને ‘પીતા’ નહોતા.

‘ગુજરાતમીત્ર’, સમકાલીન’, સુરતનું ‘સાંધ્ય’ દેનીક ‘નવનીર્માણ’ વગેરેમાં ચાલતી એમની તીખી ટમટમતી કટારો વાંચવાની મજા આવતી. સાહીત્ય સમારંભમાં બુકે નહીં પણ બુક આપવાની પ્રથા લાવનાર આ માણસને હું વંદન કરું છું.

પ્રા. રમણ પાઠકનું જ્ઞાન પણ અજોડ હતું. એઓશ્રી ગરીબો પ્રત્યે અનુકંપા પ્રદર્શીત કરતા. સર્વધર્મ સમભાવમાં માનનારા મુઠ્ઠી ઉંચેરા માનવીને સલામ. પ્રકૃતીના એક ચાહક હતા. મેં એમના પ્રેમપત્રોય વાંચ્યા છે. તેઓશ્રી સત્યના એક પુજારી હતા. કવીશ્રી ઈશ્વર સી. પટેલ દ્વારા સંચાલીત ‘વીચાર ગોષ્ઠી’માં એમનું પ્રથમ પ્રવચન નવયુગ કોલેજના ગ્રાઉન્ડમાં ઝાડ નીચે રાખેલું, એ પણ આજે મને યાદ આવે છે.

મારા ‘રેશનાલીઝમના દ્વારે ટકોરા’ ચીંતન - કાવ્ય સંગ્રહની પ્રસ્તાવના પણ એમણે પ્રેમભાવે લખી આપી હતી. હંમેશ અંગ્રેજી પહેરવેશ છતાં વીચારસરણીમાં સાદાઈ અને વીચાર ચીંતન જોવા મળતાં. એમના અક્ષરો પણ મોતીના દાણા જેવા. દંભ-આડંબરનો ત્યાગ એમની પાસેથી શીખવા જેવો ગુણ.‘નાના માણસમાં જ મોટાઈના ગુણ હોય છે.’ એવું કહેતા. મારી અને કવી સરુપ ધ્રુવ પાસે ‘સત્યાન્વેષણ’ના ૩૦૦ મા અંકનું વીમોચન ટી એન્ડ ટી. વી. સાર્વજનીક હાઈસ્કુલ, સુરતમાં કરાવેલ. જાણે કીડી પાસે ખાંડના કારખાનાનું ઉદ્‌ઘાટન ના હોય !

આ તકે હું ‘વાચસ્પતી’ ને વંદન કરું છું. અસ્તુ !

---

## રેશનલ ચળવળ

(૧) **રાજકોટના વૈજ્ઞાની જાથાના કર્યક્રમો :** રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત જયંત પંડયાની આગેવાની હેઠળ રાજકોટના વૈજ્ઞાનીક જાથાએ જુનાગઢ જીલ્લાના પંચાળા ગામમાં ગ્રામજનોની અંધશ્રદ્ધા દુર કરવાના હેતુથી ‘ચમત્કારોથી ચેતો’ કાર્યક્રમ કર્યો હતો. ગામના સરપંચ સુદાભાઈ શામળાએ સૌનુ સ્વાગત કર્યું હતું. કેશોદના નીવૃત્ત શીક્ષક રજનીકુમાર પંડયાએ પ્રાસંગીક પ્રવચનમાં વૈજ્ઞાનીક અભીગમ કેળવવાથી સરવાળે તો તે અભીગમ અપનાવનારને જ ફાયદા થતા હોવાનું જણાવ્યું હતું.

એ જ પ્રમાણે અમદાવાદ જીલ્લાના બાવળાતાલુકામાં ‘ચમત્કારોથી ચેતો’ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સુરતના અમરોલી વીસ્તારના પુનીયા મામા ખાસ કરીને મહીલાને ફસાવતા હતા. એમના કરતુતોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો.

## પ્રા. રમણ પાઠક – 'વાચસ્પતી'ને

(ગઝલ)

–રમેશ પટેલ

મો.–૯૮૨૫૧ ૦૦૨૫૫

સત્યશોધક એ રમણ છે
વાચસ્પતી જે રમણ છે.

થાય સંશય એ રમણ છે,
હાસ્યલેખક તે રમણ છે.

ભુત-ડાકણ તુર્ત ભાગે-
ક્રાંતીકારી જે રમણ છે.

વસ્ત્ર અપટુડેટ પહેરે,
ખુબ ગમતો જે રમણ છે.

આસ્તીકોને નાસ્તીકોનો
એક ચીંતક તે રમણ છે.

વીર 'નર્મદ' આ સમયનો-
સાચું લખતો એ રમણ છે.

સેકસ પર સાહીત્ય સરજે,
ખુબ નીર્ભય તે રમણ છે.

એક મળવા જેવો માણસ,
ચા પી, પાતો જે રમણ છે.

વાદ ને વીવાદ કરવા-
ખુબ લખતો એ રમણ છે.

# પૌરાણીક કથાના દેવો દલીતોમાંથી આવ્યા છે

'પૌરાણીક કથાના શીવ, રામ, વગેરે અવતારો અને લક્ષ્મી, શકતી જેવી દેવીઓ દલીતોમાંથી આવી છે. આ અવતારો અને દેવ-દેવીઓનો જો તટસ્થતાથી અને પુરાવાઓ સાથે અભ્યાસ કરવામાં આવે તો તેઓ ઉપલા કહેવાતા વર્ગોમાંથી આવ્યા નથી.' 'લૈંગીક ન્યાય અંગે બાબા સાહેબ આંબેડકરના વીચારો અને સમાન નાગરીક ધારો' પર નવી દીલ્હીમાં પોતાના વ્યાખ્યાનમાં જવાહરલાલ નેહરુ યુનીવર્સીટીના કુલપતી શાંતીશ્રી  ધુલીપુડી પંડીતે વધુમાં જણાવ્યું હતું કે, 'અવતારો અને દેવ-દેવીઓ વાસ્તવીક દુનીયામાં હતા કે કેમ તે મુદ્દો બાજુ પર મુકીને કથાઓમાં અવતારો અને દેવ-દેવીઓના જે વર્ણન કરવામાં આવ્યા છે તે જોતા કોઈપણ અવતાર કે દેવ-દેવી બ્રાહ્મણ વર્ણમાંથી આવ્યા હોય એવું દેખાતું નથી. સ્મશાનમાં રહેવું, ભભુતી-રાખ ચોળવી અને ગળામાં નાગ રાખવા જેવું જીવન કોઈ બ્રાહ્મણ જીવે જ નહીં. શીવને કયાં તો અનુસુચીત જાતીના અથવા જનજાતીના જ માનવા પડે.' એકાદ-બે અવતારે જરાક ઉંચા ક્ષત્રીય વર્ણમાંથી આવ્યા હશે. એ જ પ્રમાણે લક્ષ્મી વગેરે દેવીઓમાં વર્ણનો પણ સુચવે છે કે તેઓ દલીતોમાંથી આવ્યા છે.'

એમણે વધુમાં એ બાબત પરત્વે અણગમો વ્યકત કર્યો કે અનુસ્મૃતીમાં મહીલાઓને ખુબ અપમાનીત દરજ્જાની ગણી છે. બધી જ મહીલાઓ શુદ્ર હોવાનું મનુસ્મૃતીમાં જણાવાયું છે તે એક એક મહીલાએ જાણી લેવું જોઈએ. અનુસ્મૃતી અનુસાર કોઈપણ મહીલા પોતાનો બ્રાહ્મણ કે એવી કોઈક જ્ઞાતી કે વર્ણની હોવાનો દાવો કરી શકતી નથી. એનો પતી જે વર્ણનો-જ્ઞાતીનો હોય ત્યાં તેનું આલંબન હોવાની જ એની ઓળખ છે.' મનુસ્મૃતી અંક ધાર્મીક ગ્રંથ છે.કોઈપણ ધર્મ મહીલાઓ અને દલીતો વીરુદ્ધ કોઈપણ હદે જઈ શકે છે તે એમનાં મુળ પુસ્તકો વાંચતા સમજાશે જ.

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો.નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# રણમાં એક મીઠી વીરડી

**–સુર્યકાન્ત શાહ**

વીસમી સદીના ઉત્તરાર્ધમાં વીશ્વની પ્રજા સામાન્યપણે એવું માનતી હતી કે એકવીસમી સદીમાં તો વીશ્વશાંતીનો ઉદય થઈ જશે. ખંધા રાજકણીઓ સમજવા માંડશે કે એમણે જ પેદા કરેલા પ્રશ્નોના ઉકેલ યુદ્ધના મેદાનમાં લાવવાના નથી, પરંતુ મંત્રણાના ટેબલ પર લાવવાના છે. વીસમી સદીની વીદાય પ્રસંગે પ્રવચનો, પ્રેસ અને મીડીયા પર આ આશાવાદને ખુબ બહેલાવવામાં આવ્યો હતો. પ્રગતીશીલ વીચારધારાને અપનાવવામાં આવશે, અને સુખ તેમ જ સમાનતા સ્થાપવામાં જે ધર્મ છેલ્લા પાંચ હજાર વર્ષમાં નીષ્ફળ ગયો છે તેને સ્થાને વીવેકની સ્થાપના થશે. જે કોઈ પણ ગરીબી, ગંદકી, અસમાનતા અને દેશ-દેશ વચ્ચેની દુશ્મનાવટ છે તે માણસે જ પેદા કરી છે. આ કરવામાં ધર્મોનો બહુ મોટો ફાળો છે. ધર્મ સાવ નષ્ટ નહીં થાય તો પણ દરેક વ્યકતીનો અંગત મામલો તો બનશે. એ જે ધર્મ પાળે તે એના ઘરની ચાર દીવાલો વચ્ચે જ પાળતો થશે એવો આશાવાદ પણ બંધાયેલો. રાજકારણમાં આથી જ બીનસાંપ્રદાયીકતા એ ખાસ્સુ કાઠુ કાઢેલું. ગાંધીજીએ પ્રબોધેલી અને આચરેલી અહીંસા સુધી તો વૈશ્વીક રાજકારણ પહોંચી નહીં શકે, પરંતુ એના મુળભુત તત્ત્વોને તો રાજકારણીઓ વ્યવહારમાં મુકશે એવી ગણતરીઓ પણ મંડાતી હતી. દુનીયાભરમાં શાંતીના પ્રતીક જેવા કબુતરોને ઉડાડીને નેહરુએ જે પંચશીલ, વીશ્વશાંતી અને મુદ્દાને જ કેન્દ્રમાં રાખીને નીર્ણય લેવાની તાસ્થ વીદેશનીતી ક્રમશઃ મોટા ભાગના રાષ્ટ્રો અપનાવશે એવાં વલણો પણ બંધાયાં હતાં.

**પારોઠનાં પગલાં**

આટલા હર્ષદ આશાવાદને લઈને વીશ્વની પ્રજાએ એકવીસમી સદીને આવકારી. સર્વત્ર બીનસાંપ્રદાયીકતા પથરાશે, ધર્મ અંકુશમાં આવશે અને નેહરુ કહેતા હતા તેમ વૈજ્ઞાનીક મીજાજનો આવીષ્કાર થશે તે જોવા વીશ્વની પ્રજા થનગનતી હતી. પૃથ્વીનો આ ગોળો અણુબોંબ તો શું એકે-૪૯ રાઈફલની ગોળીનો પણ અનુભવ કરશે નહીં. પ્રજાને ભુખ-તરસથી રાખીને સંરક્ષણ અને યુદ્ધ પાછળ આપણા અન્ય કીંમતી સંસાધનો વેડફાશે નહીં. પ્રજા તંદુરસ્ત, શીક્ષીત, તર્કશીલ અને વીજ્ઞાનપરસ્ત થશે એવી હવા જાણે મંદ મંદ સ્વરુપે વહેતી હતી.

એવું નહીં થયું. દુનીયાભરમાં ધાર્મીક આગેવાનો પાસે અઢળક સંપત્તી છે. આ

આગેવાનો એમનો પ્રભાવ  ટકાવી રાખવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે એમ છે, સ્વર્ગના સુખના ગાજર અને નર્કની મહાયાતનાની ભયંકર કલ્પનાને આ આગેવાનો સામાન્ય નાગરીકના મગજમાં આરોપીત કરી શકે તેમ છે. આ માટે  બીભત્સ કહી શકાય તેવા તાયફા જાહેરમાં પ્રદર્શીત કરી શકે તેમ છે. સત્તા ભુખ્યા રાજકારણીઓ એમના પ્રભાવને સમજે છે. આથી એકવીસમી સદીના પહેલા દાયકા દરમીયાન આ ધાર્મીક આગેવાનોએ પુરી તૈયારી કરીને પ્રગતીશીલ વીચારસરણી પર રીતસરનું પ્રતીઆક્રમણ કર્યુ ! ભારત સહીત સંખ્યાબંધ દેશો આ હુમલા સામે ટકી શકયા નહીં.   થોડા અપવાદ સીવાય વીશ્વમાં જાણે પ્રગતીશીલ વીચારધારાએ પારોઠનાં પગલા ભાર્યાં. સામ્યવાદી વીચારધારા તો કેટલી બધી સ્વીકાર્ય અને આવકાર્ય છે ! એ વીચારધારા પણ જાણે ધર્મ બની ગઈ ! પ્રજા પાસે ગાંધીજીની અહીંસા અને નેહરુની બીનસાંપ્રદાયીકતાનો વીકલ્પ હતો, પરંતુ ધાર્મીક આગેવાનો સમગ્ર વીશ્વમાં પ્રજાને ત્યાં સુધી જવા માટે અટકાવવામાં સફળ થયા છે. રાજકારણીઓ ખાસ કરીને સરહદોના પ્રશ્ને પ્રજાને દેશભાવનાનો નશો ચઢાવીને ઉશ્કેરી શકે છે. ના...ના... ઉન્માદી બનાવી શકે છે. કંઈ કેટલાયે દેશોના રાજકારણીઓ પડોશી દેશ સાથે દુશ્મનાવટને સતત જીવંત રાખીને પોતાની અકરાંતીયા જેવા સત્તાભુખને સંતોષે છે. કરુણતા એ છે કે આ રાજકારણીઓ ચીત્ર-વીચીત્ર દલીલો કરીને પોતાની પ્રજાને કયાં તો 'સમજાવી' શકે છે, અથવા 'અંકુશ'માં રાખી શકે છે કે 'યુદ્ધ એ જ કલ્યાણ છે !' આવી પ્રવાહી પરીસ્થીતીમાં પ્રગતીશીલ  વીચારધારા, રેશનાલીઝમ અને વીવેકને પ્રજા સ્વીકારે એ કલ્પી શકાતું જ નથી. આમ છતાં, જેઓ તે માટે ઝઝુમે છે એ વીરલાઓને સમજુ લોકો તો સલામ કરશે જ ! એવા વીરલા આજે આપણને રશીયા અને યુક્રેનમાંથી મળ્યા છે એ ખુબ આનંદની વાત છે.

**વીરલા**

આપણી વચ્ચે હમણાં રશીયા અને યુક્રેન જાણીતા છે. એવો જ બીજે પ્રદેશ બેલારસ છે. યુદ્ધથી વીનાશના ઢગલા પર બેઠેલા યુક્રેન, યુદ્ધથી થાકી ગયેલ રશીયા અને બેની વચ્ચે સેન્ડવીચ જેવા બનેલા બેલારસમાં આવા કપરા સંજોગોમાં કોઈક શાંતીની વાત કરે, વીવેકની વાત કરે અને તે માટે જીવની બાજી લગાવે એવી કલ્પના પણ થઈ શકે નહીં ! યુદ્ધ દરમીયાન માનવ હકોના રક્ષણ માટે ઝઝુમે એમને જેટલી સલામ કરીએ એટલી ઓછી. એવા એક છે

બેલારસના એલીસ બીઆ લીયારસીકી. એમની 'મેમોરીયલ' સંસ્થા મારફતે તેઓ માનવ હકોની જાળવણી માટે 'લડે' છે ! આ સંસ્થા રશીયન સંસ્થા છે ! સ્વાભાવીક છે કે સામ્યવાદ જેવી માનવાદી વીચારધારાને નામે પુતીન એમને જેલમાં ધકેલી જ દે. તેઓશ્રી આ લખાય છે ત્યાં સુધી જેલમાં જ છે ! યુક્રેનમાં એવી જ એક સંસ્થા છે. આજના માહીતી યુગમાં સાચી માહીતી કરતાં વધારે ગેરરસ્તે દોરતી અને ખોટી માહીતીનો વધારે પ્રસાર થાય છે. ભારતમાં આપણે રોજેરોજ એના ભોગ બનીએ છીએ. યુક્રેન અને રશીયામાં આવા કપરા યુદ્ધકાળમાં ખરેખર જયાં મીસાઈલ પડતા હોય, ટેન્ક યુદ્ધ ચાલતું હોય, ગોળીઓ છુટતી હોય ત્યાં 'સીવીલ લીબર્ટીઝ ઈન યુક્રેન' સંસ્થાના કાર્યકરો જીવના જોખમે જાય છે. સાચી માહીતી મેળવે છે, અને આ જ 'માહીતી યુગ'નો ઉપયોગ કરી તે વીશ્વ સમક્ષ મુકે છે. આપણે જાણીએ છીએ કે ખોટી માહીતીનો પ્રસાર કરી અમેરીકામાં રશીયાએ ત્યાંની ચુંટણીનું ચીત્ર બદલી કાઢયું હતું. યુક્રેન પરના આ આક્રમણ દરમીયાન સરમુખત્યાર પુતીન એ ચાલબાજી ચાલી શકતા નથી. વીશ્વની પ્રજાને પુતીનના યુદ્ધકાંડની સાચી માહીતી મળતી રહે છે. આથી ભલે ભારત તટસ્થતા દર્શાવે પણ દુનીયામાં પુતીન ખુબ ધીકકારપાત્ર બની ગયા છે. આવું જ બીજુ એક જુથ રશીયાની અંદર જ કાર્યરત હતું : 'રશીયન માનવ-અધીકાર જુથ.' આ જુથને બળપ્રયોગથી પુતીને કામ કરતું બંધ કરી દીધું છે, છતાં એના કાર્યકરો પોતપોતાની રીતે માનવાધીકાર માટે રશીયાના લોકોને જાગૃત કરી રહયા છે. આટલી જોખમી પરીસ્થીતીમાં શાંતી, માનવાધીકાર અને પ્રગતીશીલ વીચારધારા માટે કામ કરતી આ એક વ્યકતી અને બે સંસ્થાઓને શાંતીનો નોબલ પુરસ્કાર મળ્યો છે. સાચે જ સમગ્ર વીશ્વની અંધારી રાતમાં આ ત્રણેની કદર કરીને નોબલ સમીતીએ વીશ્વભરના પ્રગતીશીલ વીચારકો, રેશનાલીસ્ટો અને શાંતી-અહીંસાના ચાહકોને પોતપોતાના ક્ષેત્રમાં વધારે ઉત્સાહથી કામગીરી કરવાને પ્રોત્સાહીત કર્યા છે. આ પ્રકારે થતી કદર સૌ રેશનાલીસ્ટોને આશા અર્પી જાય છે કે આવતી કાલ તો રેશનાલીઝમની જ છે. એ માટે આપણે આપણા ક્ષેત્રમાં ટકી રહેવાનું છે. આગળ વધવાનું છે.આટલા બધા પ્રત્યાઘાતી પરીબળોથી પેદા થયેલા આ રણમાં નોબલ પારીતોષીક પુરસ્કૃત આ વ્યકતી અને સંસ્થાઓ સાચે જ વીરડી સમાન છે.

# કોરોના મહામારી

મુડીવાદ માત્ર અકરાંતીયો જ નથી; તેનું રાજ્ય અને ધર્મ સાથેનું પરસ્પર મેળાપીપણું જે તે દેશોના આમ નાગરીક માટે ભારે પીડાદાયક અને ક્યારેક વીનાશક પણ નીવડે છે. આનો અર્થ એ થયો કે હવેનો વૈશ્વીક મુડીવાદ વૈશ્વીક આપત્તી જ સર્જી રહ્યો છે.

**–રોહીત શુકલ**

# મહામારીઓના મરજીવા

**(૧) જેનર એડવર્ડ (૧૭૪૯–૧૮૨૩)**

જન્મ તારીખ : ૧૭ મે ૧૭૪૯, જન્મ સ્થળ : ગ્લાઈસેસ્ટર શાયર, ઇંગ્લેન્ડ

તેમણે શીતળા રોગનાં કારણો જાણ્યાં. રોગ-પ્રતીબંધક રસી મુકવાની ક્રીયાને જેનરે 'વેકસીનેશન' એવું નામ આપ્યું. શીતળાની સામે આ રોગની પ્રતીકારક રસી શોધી. આને કારણે આજે સમગ્ર વીશ્વે શીતળા રોગથી મુકતી મેળવી છે. ૨૬ જાન્યુઆરી, ૧૮૨૩-ના રોજ તેમનું મૃત્યુ થયું.

**(૨) પાશ્ચર લુઈ (૧૮૨૨–૧૮૯૫)**

જન્મ તારીખ : ૨૭ ડીસેમ્બર-૧૮૨૨, જન્મ સ્થળ : દોલ, ફ્રાન્સ

ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી, જેમણે સુક્ષ્મ જીવાણુથી હવાની હાજરીમાં અથવણ થઈ શકે છે તે સાબીત કર્યું. જેને અમુક તાપમાને ગરમ કરવાથી આ જીવાણુનો નાશ થાય છે જેને 'પેશ્ચ્યુરાઈજેશન' કહેવામાં આવે છે. આથી દુધ વગેરે બગડતું અટકાવી શકાય છે. ઉપરાંત કોલેરા જેવા રોગની સારવારની જાણકારી આપી. હડકાયું કુતરું કરડે ત્યારે હડકવા ઉપડે છે. તેના પ્રતીકાર માટેની રસી શોધી કાઢીને પેરીસમાં પાશ્ચર ઈન્સ્ટીટ્યુટનો પાયો નંખાયો. માનવજાતના વીકાસમાં તેનું પ્રદાન રહ્યું છે. ૨૮ સપ્ટેમ્બર ૧૮૯૫ ના રોજ તેમનું અવસાન થયું.

**(૩) ઈગ્નાઝ શીલીપ સેમીલ્વીઝ (૧૮૧૮–૧૮૬૫)**

હંગેરીયન ચિકીત્સક જેમણે ચેપી (સંક્રમક) રોગોથી રક્ષણ મેળવી શકાય તે માટે જંતુનાશક ઔષધો અંગે જણાવ્યું હતું. દર્દીને સારવાર અપાતા પહેલાં જંતુનાશક ઔષધોથી હાથ સાફ કરવાનું જણાવેલ, જેથી તે સમયમાં નવજાત બાળકોના મૃત્યુનું પ્રમાણ ઘટાડી શકાયું. માત્ર બે વર્ષમાં મૃત્યુઆંક ૧૧.૪ ટકા હતો તેની જગ્યાએ ૧.૨૭ ટકા બની ગયો. ૧૭ ઓગસ્ટ, ૧૮૬૫ માં તેમનું અવસાન થયું.

**(યજ્ઞ પ્રકાશનના 'કોરોના મહામારી, વ્યાપક અસરો અને પડકારો' પુસ્તકમાંથી)**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of posta

## એ ગઈ રાત્રીએ પાછી આવી !

જંબુસરની એ યુવતી,
પ્રકાશ કરતાં વધારે ઝડપથી પ્રવાસે નીકળી
એ આવી ગઈ, ગઈ રાત્રીએ પાછી આવી !

**પરત આવશો ત્યારે કોઈ સંબંધી નહીં હોય !**

બીજા તારા અથવા એનાં ગ્રહ પર જવા માટે ઉંચા-નીચા થશો જ નહીં. પાસેમાં પાસેના તારા પર ઉતરવું હોય તો પહેલી શરત એ છે કે તમારું યાન પ્રકાશની ગતીએ ઉડતું હોવું જોઈએ. યાદ રાખજો પ્રકાશની ગતીથી વધારે ઝડપથી કશુ ઉડી શકતું નથી. બીજી શરત એ છે કે તારા પર તમે ઉતરી શકવાના નથી. તેથી તારાની પાસે જઈને તરત તમારે વળતી મુસાફરી કરવાની છે. તારાની ગરમી લાખો કીલોવોટની હોય છે. હા, તમે એના કોઈક ઠંડા પડેલા ગ્રહ પર  ઉતરી શકો. એ ગ્રહ પર ઉતરતા પહેલાં એના ગુરુત્વાકર્ષણનું બળ માપવું પડે. અન્યથા તમારું યાન કયાં તો ગ્રહ સાથે ભટકાઈને તમારી સાથે નાશ પામે, અથવા તમે ઉડયા જ કરો. ઉતરી જ નહીં શકો. આથી ડહાપણ એમાં છે કે તારાની નજીક જઈને પાછા આવવું. એમાં સોળ વર્ષ નીકળી જશે. પૃથ્વી પર ઉતરશો ત્યારે તમારા અડધા સંબંધીઓ હયાત હશે જ નહીં. કોને મળશો ? આથી અન્ય તારા અને તેના ગ્રહ પર જવાનો વીચાર આવતો હોય તો માંડી વાળજો. હા...આજુબાજુના આપણા પડોશી મંગળને ત્યાં

## AI નો ઉપકાર

AI એટલે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ. એનું ગુજરાતી ‘કૃત્રીમ બુદ્ધીમતા’ કરી શકાય. વાસ્તવમાં તો એ ‘વીજ્ઞાન બુદ્ધી’ છે ! આ AI ને કારણે કોરોનાની રસી બનાવવામાં ઘણી જ મદદ મળી. સામાન્યતઃ નવી રસી બનાવતા ત્રણ-ચાર વર્ષ થાય. AI ની મદદથી માહીતી એકત્રીકરણ અને પૃથક્કરણ ખુબ ટુંક સમયમાં પુર્ણ થઈ શકયા.  આથી રસી શોધનના ઈતીહાસમાં વીક્રમ સર્જાયો. માત્ર દોઢ વર્ષમાં કોરોનાની રસી મળી. પરીણામે લાખો -કરોડોના જાન બચી ગયા !

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક  અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે  અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**